ગાંધીનગર સમાચાર

હવે વિદ્યાર્થીઓએ એસ.ટી.પાસ માટે ડેપો સુધી લાંબા નહી થવુ પડે



યોગ: કર્મસુ કૌશલમ્ - ભારતીય સંસ્કૃતિમાં યોગનો મહિમા અદ્દભૂત રીતે વર્ણવાયો છે... તન અને મનની તંદુરસ્તી માટે યોગ ઉપકારક છે... આગામી વિશ્વ યોગ દિનની ઉજવણીના ભાગરૂપે શહેરમાં સંસ્થાઓ અને શાળાઓ યોગની ઘનિષ્ઠ તાલીમ આપે છે... યોગનો પ્રચાર અને અમલ જેટલો વધુ થશે એટલું આરોગ્ય જળવાશે...

# મનપાના નવા બોર્ડની આજે પ્રથમ સામાન્ય સભા

## સ્માર્ટ સીટીની દરખાસ્તને મોકલવા માટે બહાલી અપાશે : સામાન્ય સભામાં પ્રોજેક્ટસનું પ્રેઝન્ટેશન કરવા માટેની પણ તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા બનેલ બોર્ડની આજે પ્રથમવાર વિધિવત્ સામાન્ય સભા મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળશે.

સવારે ૧૧.૩૦ વાગે મનપાના સભાખંડમાં મળનારી આ બેઠકમાં સ્માર્ટસીટી અંગેની દરખાસ્ત જે સ્થાયી સમિતિએ મંજૂર કરી છે તેને રાજ્ય સરકારમાં મોકલી આપવા માટેની બહાલી આપવામાં આવશે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્થાયી સમિતિએ ૧૦ જેટલા મહત્વના પ્રોજેક્ટસ તૈયાર કરી અને તે કેન્દ્રને મોકલવા માટે મંજૂરી ચાલુ મહિને જ આપી છે.

મનપાની આજની સામાન્ય સભામાં સ્માર્ટસીટી અંગેના જે પ્રોજેક્ટસ તૈયાર કરવામાં આવ્યા છે તેનું પ્રેઝન્ટેશન પણ સામાન્ય સભામાં સભ્યો સમક્ષ રજુ કરવા માટેની તૈયારી તંત્રએ રાખી હોવાનું જાણવા મળેલ છે.

જે પ્રોજેક્ટ્સ તૈયાર કરવામાં આવ્યા છે તેમાં કેનાલ પર સોલાર પેનલ્સ લગાવવા ઉપરાંત બગીચાઓનું આધુનિકરણ, આંગણવાડીઓનું આધુનિકરણ, શહેરમાં ૨૪x૭ પાણી પુરવઠો, શ્રેષ્ઠ પરિવહનની વ્યવસ્થા, કોમ્યુનીટી ટોયલેટ, સાયકલ ટ્રેકની આસપાસ વૃક્ષારોપણ, સે. ૧૧ અને સે. ૨૧માં મલ્ટી સ્ટોરેજ પાર્કિંગની વ્યવસ્થા, ડિઝીટલ વિગતો દર્શાવતા બસ સ્ટેન્ડના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મનપાએ ગઈ વખતે રજુ કરેલ દરખાસ્તનો કેન્દ્ર દ્વારા અસ્વીકાર થયો હતો. તેમજ ઘણુ કરવાની જરૂરિયાત છે તેમાં ૪૨મા ક્રમે ગાંધીનગર આવ્યુ હતુ. આ વખતે પનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ વિશ્વાસ ધરાવે છે. આ માટે ૨૦ હજારથી વધુ સૂચનો મળ્યા છે. જો કે સ્વચ્છતા તેમજ અન્ય સુવિધાઓના સુધાર માટેની નક્કર કામગીરીને લઈ માર્કીંગમાં પીછેહઠ થવાનો ભય પણ સૌને સતાવી રહ્યો છે.

# જિલ્લામાં વિકાસના કામો ઠપ્પ

## અર્થતંત્ર પર વિપરીત અસરો : આયોજનમંડળની બેઠક નથી મળતી તો ૧૪મા નાણાં પંચના કામો માટે સ્પષ્ટ માર્ગદર્શનનો અભાવ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં નવુ નાણાંકીય વર્ષ શરૂ થયાના ત્રણ માસ પુરા થવા આવ્યા પણ જિલ્લા આયોજન મંડળની બેઠક મળી ન હોવાથી રૂ. ૮ કરોડના વિકાસ કામો બહાલી વિના પડી રહ્યા છે.

જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ તરીકે મંત્રીશ્રી હોય છે અને તેમણે હજુ સમય ફાળવ્યો ન હોવાથી આ બેઠક મળી શકી ન હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની આચારસંહિતાને લઈ બેઠક મળી ન હતી. આ પછી સરકારી કાર્યક્રમોની ચાલેલી હારમાળા અને હવે પ્રવેશોત્સવની વ્યસ્તતાને લીધે આ બેઠક થઈ નથી.

જિલ્લામાં વિકાસકામો ઠપ્પ થઈ જવા પામ્યા છે. આયોજન મંડળ બેઠકની મડાગાંઠમાં અટવાયુ છે તો પંચાયતો દ્વારા પણ ૧૪મા નાણાં પંચના કામોને વહીવટીય અને તકનીકી મંજૂરીને કારણે શરૂ થયા નથી. તો રેતી કાંકરી ગ્રાન્ટ સહિત વિસ્તાર વિકાસની ગ્રાન્ટના કામો પણ શરૂ થયા ન હોવાથી હાલ ગ્રામીણ વિસ્તારોમાં કામ ચાલતા જ નથી.

મનરેગાનું કામ પણ લેબર બજેટ નામંજૂર થઈ આવતાં સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ ધીમી ગતિએ ચાલી રહ્યા છે. જેની સીધી અસરો રોજગારી પર પડી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વિકાસના કામોને આયોજન મંડળની બેઠકમાં બહાલી અપાશે ત્યારે ચોમાસાનો આરંભ થઈ ચુક્યો હશે અને તે હવે ચોમાસા પછી જ આરંભાશે તેમ મનાઈ રહ્યું છે. અન્ય કામો પણ ચોમાસા પછી જ શરૂ થશે.

હાલ જિલ્લામાં છુટા છવાયા વિકાસના કામો ચાલી રહ્યા છે જે અગાઉ મંજૂર થઈને આવ્યા છે તે પણ હવે પૂર્ણતાને આરે છે. રોજગારીની સિમીત તકોને લઈ જિલ્લાનું અર્થતંત્ર લગભગ તુટુ તુટુની અવસ્થામાં આવી ગયું છે.

# ચોમાસા પૂર્વે સરકારી આવાસોના ધાબાની સફાઈનુ કામ શરૂ

## વરસાદી પાણીના નિકાલ માટે લાઇનની સફાઇ કરાશે : અગાઉ પાણીની ટાંકીઓ પણ તોડી નાંખવામાં આવી હતી

ગાંધીનગર તા ૧૫

વરસાદી ઋતુ દસ્તક દેવાની તૈયારીમાં છે.ત્યારે શહરેના સરકારી મકાનોના ધાબાની સફાઇ હાથ ધરવામાં આવી છે. શહેરના સરકારી મકાનોમાં ધાબે વરસાદી પાણીનો ભરાવો થતા મચ્છરોનો ઉપદ્રવ થતો હોય છે. જેને અટકાવવા તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે સરકારી તંત્ર દ્વારા હાલ આવાસોના ધાબાની સફાઈ શરૂ કરી દેવામાં આવી છે.



શહેરમાં સરકારી આવાસોની સંખ્યા વિશેષ છે. સેકટરોમાં વિવિધ કેટેગરીના અંદાજીત ૧૬ હજાર જેટલા મકાનો છે. જેમાંથી મોટાભાગના આવાસો ખંડેર હાલતમાં ભાસી રહયા છે. જયારે આવાસોની ઘટ વચ્ચે મકાનોના મજબુતીકરણનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. ચોમાસા દરમિયાન નગરના સરકારી આવાસોમાં નતનવી સમસ્યા અસ્તિત્વમાં આવતી હોય છે. જેમાં આવાસોની છતમાંથી પાણી ટપકતુ હોવાની પણ વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામે છે. જયારે સરકારી આવાસોમાં પાણીનો ભરાવો થતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ અસ્તિત્વમાં આવે છે. જેના લીધે રોગચાળો માથુ ઉંચકતા તંત્ર દ્વારા મચ્છરોના ઉદભવ સ્થાનને ડામવા માટે પર્વ તૈયારીના ભાગરૂપે ધાબાની સફાઈ કરવામાં આવે છે. અગાઉ સરકારી આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકીઓ મચ્છરનુ ઉદભવ સ્થાન બનતા તંત્ર દ્વારા બિનઉપયોગી ટાંકીઓ તોડી નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હાલ આવાસોના ધાબાની સફાઈ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સરકારી આવાસમાં ધાબામાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા માટે લાઈનની સફાઈ હાથ ધરવામાં આવી છે.

# શહેરમાં પ્રથમ દિવસે ૧૯૧ બાળકોનું નામાંકન

## શહેરની શૈક્ષણિક સંસ્થાઓને ૮૫ હજારનું દાન પણ પ્રથમ દિવસે મળ્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે ધો. ૧માં ૧૯૧ બાળકોએ અને ધો. ૯માં ૧૪૦૮ બાળકોએ તથા આંગણવાડીમાં ૧૧૯ ભુલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે.

શહેરી વિસ્તારની શાળાઓમાં આજથી શરૂ થયેલા ત્રિદિવસીય પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જિલ્લામાં ૬૦૯ બાળકોએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો છે જ્યારે ધો. ૯માં ૩૦૩૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આજે પ્રથમ દિવસે ૫૦ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે. જ્યારે શહેરી વિસ્તારની શાળાઓમાં ૨૧,૮૨,૭૫૧નું દાન પ્રાપ્ત થયેલ છે. જેમાં ૩૭,૯૦૯ રૂ.નું રોકડ દાન પ્રાપ્ત થયેલ છે જ્યારે બાકીનું વસ્તુ સ્વરૂપમાં દાન પ્રાપ્ત થયેલ છે.

ચાંદખેડા ખાતે અલ્કેશભાઈ પટેલે શાળામાં પુસ્તકાલય માટે અલાયદો ખંડ તેમજ પુસ્તકોનું દાન આપી એક અનોખુ દાન શાળાને આપેલ છે.

ગાંધીનગર શહેરમાં ૩૨ હજારનું રોકડ દાન તથા ૫૩ હજાર રૂ.નું વસ્તુસ્વરૂપે દાન શહેરી વિસ્તારની શાળાઓને મળ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ખુબ નબળો પ્રતિસાદ વાલીઓ તરફથી મળ્યો હતો તેમજ બાળકો પણ પ્રવેશોત્સવ સાથે યોજાયેલ મીની ગુણોત્સવમાં સારો દેખાવ કરી શક્યા ન હતા.

# ખાનગી શાળા કરતા સરકારી શાળાઓ ચઢીયાતી : મહેન્દ્ર ત્રિવેદી

## પ્રત્યેક બાળક શિક્ષણ ક્ષેત્રે નવિન કેડી કંડારી દેશના વિકાસમાં ભાગીદાર બને : ઇન્દ્રોડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ દરમિયાન પુર્વ ગૃહમંત્રીએ બાળકોને એકડો ઘુંટાવી ગણિતના પલાખા પુછ્યા

ગાંધીનગર તા ૧૫

સરકાર બાળકના જન્મથી જ તેના શિક્ષણની સાથે તેના સર્વાંગી વિકાસની ચિંતા કરે છે. શિક્ષણ પુરુ પાડવાની સાથે રોજગારી ઉપલબ્ધ થાય તેની જવાબદારી પણ નિભાવે છે. ત્યારે પ્રત્યેક બાળક શાળાના પગથિયા ચઢે તે અત્યંત અનિવાર્ય છે. ખાનગી શાળાથી સરકારી શાળા ચઢીયાતી હોય છે. શાળામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકીર્દીનો એકડો ઘુંટાવાની સાથે શિક્ષણના અંતે રોજગારલક્ષી તાલીમ મેળવી પગભર બને તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમ આજે ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



પ્રસંગે ઉપસ્થિત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદીએ જણાંવ્યુ હતુ.

ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવની ઉજવણી અન્વયે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકીર્દીનો એકડો ઘુંટાવી ઉજ્જવળ શૈક્ષણિક કેડી કંડારવા માટે પ્રોત્સાહીત કર્યા હતા. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે બાળકોને શિક્ષણની સાથે અંતે રોજગારી આપવાની વ્યવસ્થા પણ સરકારે કરી છે. વિદ્યાર્થીઓ શાળા છોડે નહીં અને શિક્ષણ મેળવી પગભર બની દેશ અને રાજયના વિકાસમાં ભાગીદાર બને તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

સ્વચ્છતા ઝુંબેશ અને કુપોષણ નાબુદી અભિયાનની સાથે ચલો સ્કુલ ચલે અભિગમને વધુ મજબુત બનાવે તેવી અપીલ પણ તેમણે કરી હતી. ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને જરૂરિ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે આગામી દિવસોમાં રૂ ૨૪ લાખના ખર્ચે કામ હાથ ધરાશે જેમાં કમ્પાઉન્ડ વોલ ઉંચી કરાશે અને વિદ્યાર્થીઓને બેસવા માટે પતરાનો શેડ પણ બનાવાશે. આ ઉપરાંત શાળામાં અન્ય જરૂરી સમારકામ હાથ ધરાશે.

# હવે વિદ્યાર્થીઓએ એસ.ટી.પાસ માટે ડેપો સુધી લાંબા નહી થવુ પડે

## ડેપોના કર્મચારી દ્વારા શાળામાં જ પાસના ફોર્મ ભરાવી પાસ પહોંચતા કરાશે

ગાંધીનગર તા ૧૫

એસ ટી ડેપો દ્વારા વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે લાઈનમાં ઉભા રહીને સમયનો વ્યય ન કરવો પડે તે માટે શાળા કક્ષોથી જ વિદ્યાર્થીઓને પાસ મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આ વ્યવસ્થાને અનુલક્ષીને ડેપો તંત્ર દ્વારા શાળાઓમાં ફોર્મ પહોંચાડી દેવામાં આવ્યા છે. જયારે શાળા સંચાલક દ્વારા જ ફોર્મ તૈયાર કરીને સુપ્રત કરી દેવાશે.

એસ ટી ડેપોમાં વારંવાર પાસ કઢાવવાના મામલે મુસાફરો તેમજ વિદ્યાર્થીઓએ પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. અગાઉ પાસ માટે અલગ વધારાના કાઉન્ટર પણ શરૂ કરવામાં આવ્યા હતા. જયારે નવી વ્યવસ્થાના અંતે પણ વિદ્યાર્થીઓની હાલાકીનો અંત આવ્યો ન હતો. ડેપોમાં પાસ માટે મોટી કતાર પણ જોવા મળતા મારામારીના બનાવો પણ પ્રકાશમાં આવ્યા હતા. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓ માટે એસ ટી ડેપોમાંથી પાસ મેળવવા માટે કતારમાં સમય બગાડવાનો વારો આવે છે. જેને અનુલક્ષી ડેપો દ્વારા આ વર્ષે વિદ્યાર્થીઓને શાળામાં જ પાસ મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ડેપો તંત્ર દ્વારા આ માટે ડેપોના કર્મચારી દ્વારા શાળામાં પાસ માટેના ફોર્મ સુપ્રત કરવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓના ફોર્મ ભરીને ડેપોમાં પહોંચાડી દેવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓને શાળામાં જ પાસ મળી જશે. અલબત્ત પાસ કઢાવા માટે વિદ્યાર્થીઓએ ડેપો સુધી લાંબા થવુ પડશે નહીં.

# પાન્ડેયની નિમણૂંક મામલે હાઈકોર્ટમાં સુનાવણી પૂર્ણ

## સરકાર તરફથી જવાબો રજૂ કરવામાં આવ્યા : નિવૃત્ત આઈપીએસ અધિકારી રિબેરોએ પીપી પાન્ડેયની નિમણૂંકને કોર્ટમાં પડકારી હતી : ચુકાદો અનામત રખાયો

ગાંધીનગર, તા.૧૫

રાજયના ડીજીપી પીપી પાન્ડેયની નિમણૂંકને લઈને કરવામાં આવેલી અરજી ઉપર હાઈકોર્ટમાં સુનાવણી પૂર્ણ કરી લેવામાં આવી છે. જો કે ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો છે. નિવૃત્ત આઈપીએસ અધિકારી રિબેરોએ પાન્ડેયની નિમણૂંકને હાઈકોર્ટમાં પડકારી હતી. હાઈકોર્ટમાં રજુઆત થઈ કે પીપી પાન્ડેયની નિમણૂક ગેરકાયદે છે. સોરાબજી કોમ્યુનિટીના નિયમોનું ઉલ્લંઘન કરીને નિમણૂક થઈ છે. રાજયમાં બે કેડર ડીજીપી રાખી શકાય અને સરકાર વધારાના બે ડીજીપીની નિમણૂક કરી શકે છે. પાંચમાં ડીજીપીની નિમણૂક માટે કેન્દ્ર સરકારની મંજુરી લેવી પડે જે રાજય સરકારે લીધી નથી. તેની સામે સરકારે રજુઆત કરતાં કોર્ટમાં જણાવાયું હતુ કે, પાન્ડેયને પ્રમોશન અપાયું નથી. પરંતુ માત્ર પે-સ્કેલનો ગ્રેડ અપાયો છે. આ સુનાવણી બાદ હાઈકોર્ટે કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો. રાજયના ઈનચાર્જ ડીજીપી પીપી પાન્ડેયને નિમણૂકને નિવૃત આઈ પી એસ અધિકારી જુલિયો રીબેરોએ હાઈકોર્ટમાં પડકારી હતી. ૮ જુને આ અંગેની સુનાવણી કરવામાં આવી હતી. જેમાં સરકારે જવાબો રજુ કર્યા હતા. પરંતુ જવાબ એફિડેવિટ ફોર્મેટમાં ન હોવાથી યોગ્ય ફોર્મેટમાં રજુ થાય તે માટે બે દિવસનો સમય માગ્યો હતો. આથી હાઈકોર્ટે સરકારને બે દિવસ બાદ ૧૦ જુને જવાબ રજુ કરવા આદેશ આપ્યો હતો અને કેસની સુનાવણી ૧૫ જુન પર મુલતવી કરી હતી. હાઈકોર્ટમાં સરકાર પોતાનો પક્ષ રાખી જે જવાબો રજુ કર્યા અને અંગે કેવા તર્ક રજુ કરે છે તે જાણવા સમગ્ર પોલીસ તંત્ર તથા રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ચાલી હતી. ઉલ્લેખનીય છે કે, પંજાબના સુપરકોપ ડીજીપી જુલિયો રીબેરોએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની રિટ દ્વારા પીપી પાન્ડેયની ઈનચાર્જ ડીજીપી પદે કરાયેલી નિયુક્તિને પડકારી હતી. અરજદારે પિટિશનમાં રજુઆત કરી હતી. કે, ઈનચાર્જ ડીજીપીનો હોદ્દો સંભાળનારા પી પી પાન્ડેય ઈશરતજહાં સહિત ૪ વ્યક્તિના બોગસ એન્કાઉન્ટર કેસમાં આરોપી છે. તેમને કોર્ટે અગાઉ ભાગેડું પણ જાહેર કર્યા હતાં.



## પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ

અમારા માતુશ્રી **મંગળાબેન જયદેવભાઈ ભટ્ટ**નું અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬/૬/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજના ૫.૦૦ થી ૭.૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ : ૧૬૪/૨, આનંદવાટિકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર

**લિ.**
**હેમલતા નરેન્દ્રભાઈ શુક્લ**
**સ્વ. હરબાળાબેન ભટ્ટ**
**કૌશિક જયદેવભાઈ ભટ્ટ**
**પુષ્પલતા ખુશમનભાઈ વૈદ્ય**
**ઉમા જયદેવભાઈ ભટ્ટ**

નોંધ : પિયર પક્ષનું બેસણું સાથે જ રાખેલ છે.
(સ્વ.વૈદ્યભા વાસુદેવ ગણપતરામ મહેતા પરિવાર, સાણંદ)

## જાહેર હરાજી જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં કબ્જે લેવામાં આવેલ બિનવારસી વાહનો જેવા કે ફોર વ્હીલર, ટુ વ્હીલર, થ્રી વ્હીલર વાહનોની હરાજી આગામી તા. ૧૮/૬/૨૦૧૬, ક.૧૧-૦૦ વાગે સેક્ટર-૨૧, પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા વ્યક્તિઓએ ઉપર જણાવેલ તારીખ, સમય અને જગ્યાએ હરાજી સારૂ હાજર રહેવું.

તા. ૧૫/૬/૨૦૧૬ — હુકમથી

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com